# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૩/૦૩/૨૦૧૮

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત.**
- **દેશ સંપૂર્ણ રૂપે 'કોંગ્રેસમુક્ત' થવા જઈ રહ્યો છે, આવનારી ચૂંટણીઓમાં પણ ભા.જ.પ. સારો દેખાવ કરશે, પ્રજાને ભારતીય જનતા પાર્ટી પર સંપૂર્ણ વિશ્વાસ છે : શ્રી નીતિનભાઈ ભજીયાવાલા**
- **સુરતમાં કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી જીતની ખુશી મનાવી.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આજરોજ જાહેર થયેલા ત્રણ રાજ્યોના વિધાનસભાની ચૂંટણીના પરીણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય જીત હાંસલ કરી છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ''મોદી સરકાર'' અને રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય

શ્રી અમિતભાઈ શાહની દિર્ધદ્રષ્ટ્રિ અને કાર્યશૈલીથી ભારત 'કોંગ્રેસમુક્ત' દેશ બનવા તરફ દોટ મૂકી રહ્યો છે. કોંગ્રેસના પતનની શરૂઆત થઈ ચૂકી છે. જે આજરોજ આવેલા ત્રણ વિધાનસભાના પરીણામો પરથી ફલીત થાય છે.

ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થતાં દેશમાં કેસરીયો માહોલ છવાઈ ગયો છે. આ અવસરે "પંડીત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે જીતની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચી શુભેચ્છા પાઠવી હતી.

સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું હતું કે આજરોજ જાહેર થયેલા ત્રણ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીના પરીણામોને જોતા જનતાનો ભારતીય જનતા પાર્ટી પ્રત્યેનો વિશ્વાસ અતૂટ થતો જણાઈ રહ્યો છે. દેશના ઘણાં રાજ્યો 'કોંગ્રેસમુક્ત' થઈ રહ્યા છે. જ્યારે આવનારી ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી સારો દેખાવ કરી દેશને સંપૂર્ણ રૂપે 'કોંગ્રેસમુક્ત' કરી દેશે. ત્રણ રાજ્યોમાં જે જીત થઈ છે તે જીત જનતા જનાર્દનની છે.


